અપીલ અરજી નં.૬૮ તા.૨૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રામરાજ પ્રજાપતિ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામરાજ પ્રજાપતિની તા.૯–૪–૧૦ની અરજીથી પ્લોટ નં.પી/પ૨૧ – પ૨૨ સંસ્થા વિરુધ્ધ ફરીયાદ આવેલ જેમાં આપ સાહેબે વીઝીટ કરેલ તે અંગે માહિતી આપવા બાબત. (૧) સંસ્થાનું પી/પ૨૧–પ૨૨ નું આખું નામ સરનામું બંને સંસ્થાના માલિક/ભાગીદાર વહીવટકર્તાના નામ સરનામા (૨) સંસ્થાની વીઝીટ દરમ્યાન સંસ્થાના તપાસ કરેલા હાજરીપત્રક ,પગારપત્રક, પગારસ્લીપ, ઓળખપત્ર રજીસ્ટર, લાયકાત ધરાવતા કામદારોના નામ, વીમો ઉતરાવેલ કામદારોના નામ,નિભાવવા પાત્ર ભરતી રજીસ્ટર રજા મંજુર કરી ન કરી તે અંગેની તપાસ નોંધ વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૮/૨૦૧૦–૧૧

શ્રી રામરાજ પ્રજાપતિની તા.૯–૪–૧૦ની અરજીથી પ્લોટ નં.પી/પ૨૧–પ૨૨ સંસ્થા વિરુધ્ધ ફરીયાદ આવેલ જેમાં આપ સાહેબે વીઝીટ કરેલ તે અંગે માહિતી આપવા બાબત. (૧) સંસ્થાનું પી/પ૨૧–પ૨૨ નું આખું નામ સરનામું બંને સંસ્થાના માલિક/ભાગીદાર વહીવટકર્તાના નામ સરનામા (૨) સંસ્થાની વીઝીટ દરમ્યાન સંસ્થાના તપાસ કરેલા હાજરીપત્રક,પગારપત્રક,પગારસ્લીપ, ઓળખપત્ર રજીસ્ટર, લાયકાત ધરાવતા કામદારોના નામ, વીમો ઉતરાવેલ કામદારોના નામ,નિભાવવા પાત્ર ભરતી રજીસ્ટર રજા મંજુર કરી ન કરી તે અંગેની તપાસ નોંધ વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૬૮ તા.૨૦–૫–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૩૦૨ તા.૩૧–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૧૫૫૩ તા.૫–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં રેકર્ડ નાશ અંગેનો પરિપત્ર નં.આર.કે/આ.નં.૫૦૩ તા.૩–૩–૧૦ ના પત્રની નકલ, રેકર્ડ નાશ કરવા મોકલેલ પત્ર નોર્થઝોન/આ.નં. ૪૪૫ તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, જમાંકરાવેલ રેકર્ડનું લીસ્ટ અને તેની મેળવેલ મંજુરીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૯–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી કતારગામઝોન જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૯૨ તા.૨૦–૪–૧૦ થી અરજદારને માંગેલ માહિતી અંગે માહિતીની નકલ આપવાના ખર્ચ પાના દીઠ રૂા.૨/– લેખે ગણતા કુલ ૧૭ પાનાના ખર્ચ રૂા.૩૪/– થાય છે જે કચેરીએ જમા કરવા જણાવવામાં આવેલ. જે તા.૧૧–૫–૧૦ ના રોજ કતારગામ કચેરીએ નાણા જમા કરાવેલ છે અને દફતરી રેકર્ડ ઉપરની તમામ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ છે અને અરજદારે મેળવેલ માહિતી અપીલ સાથે રજૂ પણ કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૬૮ તા.૨૦–૫–૧૦ ના પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જેના સંદર્ભે અરજદારે મુદ્દા નં.૨ થી ૬ માં નારાજ થઈ તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સંસ્થાનું પી/પ૨૧–પ૨૨ નું આખું નામ સરનામું બંને સંસ્થાના માલિક/ભાગીદાર વહીવટકર્તાના નામ સરનામા.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧ )ફોરમ ટવીસ્ટીંગ એન્ડ વોરપીંગ વીવીંગ વર્કસ (૨) રેણુકા ટેક્ષ.ટાઈલ (૩) મધુર ફેબ્રીકસ (૪) રાજ ઈન્ડસ્ટ્રીઝ ની લાયસન્સ મુજબની નામ સરનામા વ્યવસાય નોંધણી તારીખ નોંધણી નંબર અને રીન્યુ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) સંસ્થાની વીઝીટ દરમ્યાન સંસ્થાના તપાસ કરેલા હાજરીપત્રક,પગારપત્રક,પગારસ્લીપ, ઓળખપત્ર રજીસ્ટર, લાયકાત ધરાવતા કામદારોના નામ, વીમો ઉતરાવેલ કામદારોના નામ,નિભાવવા પાત્ર હક રજા રજીસ્ટર, રજા મંજુર કરી, ન કરી તે અંગેની તપાસ નોંધ વિગેરે સને ૧૯૯ ૮ થી ૨૦૦૦ ના સમયગાળાની માહિતી માંગેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થામા કર્મચારી માટેના હાજરી પત્રક, પગાર પત્રક, ઓળખપત્રક વિગેરે માહિતી સંસ્થાના માલિકોએ રાખવાની હોય છે. જેથી તે અંગેની કોઈ માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. તેમાં અરજદારે અપીલમાં તપાસ કરવાની કલમ–૪૯ ઈન્સ્પેકટરની ફરજ છે. જે અંગે તપાસ કરેલ નથી અને કયા કાયદા હેઠળ માહિતી આપવાની રહેતી નથી તેનો કોઈ પુરાવો કે હુકમની નકલ આપેલ નથી. જે અમને આપવી જરૂરી છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) નિરીક્ષણ અન્વયે કામદારો તથા માલિકના લીધેલા નિવેદનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોનના ગુમાસ્તા કચેરીએથી કોઈ નિરીક્ષણ કરવામાં આવેલ નથી. જેથી કામદારો તથા માલિકના લીધેલા નિવેદનની નકલ આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે અમો કામદાર તરફે અરજીના અનુસંધાનમાં બંને પક્ષકારોને ગુમાસ્તા નિરીક્ષક તરફથી ઘણુ જ અગત્યનું વિશેષણ –૧૯૪૮ મુંબઈના દુકાનો અને સંસ્થાના અધિનિયમ અન્વયે દફતરી નિરીક્ષણો માટે રજૂ કરવા બાબતની નોટીસ આપવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારના પત્રકો જેવા કે, વિઝીટબુક, હાજરી પત્રક, પગાર પત્રક, રજાનું એન્ડ રજીસ્ટર બાબતે માલિકના નિવેદન લેવામાં આવે છે તથા તેના અનુસંધાનમાં કામદારોને પણ પુછપરછ કરવામાં આવે છે આમ છતાં માલિકને મદદરૂપ થવા સંસ્થાનું નિરીક્ષણ કરેલ નથી જે કયા કાયદા હેઠળ નથી કરેલ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી કે તેના પુરાવાકે સરકયુલર કે હુકમ આપેલ નથી. જે સ્થળ તપાસ નહીં કર્યા બાબતની માહિતી આપવી જરૂરી છે. તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે અપીલ તબકકે કામદાર તરફે કરેલ અરજીના અનુસંધાને મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૪) કામદારનું કયા ખાતામાં કયા રજીસ્ટરમાં નામ ચાલે છે જેની વિગત કારણ આપો. કામદાર પાસે બંને ખાતામાં અવર નવાર કામ કરાવેલ તેની તપાસ કર્યાની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કામદારનું નામ કયા ખાતા, કયા રજીસ્ટરમાં ચાલે છે તેવી માહિતી સંસ્થાના માલિકોએ રાખવાની છે આવી કોઈ માહિતી ગુમાસ્તાધારાના દફતરી રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી. તેથી તેવી કોઈ માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે ફરીયાદના અનુસંધાનમાં અરજદારનું નામ કયા ખાતાના રજીસ્ટરમાં ચાલ

` તેના સ્થળ તપાસ દરમ્યાન જે અંગે માલિકોના પત્રકો તપાસી માહિતી આપવી જરૂરી છે. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૫) સામાવાળી સંસ્થાના માલિકો મળવાપાત્ર સાહિત્ય જેવા કે, હાજરીકાર્ડ, પગાર સ્લીપ, ઓળખપત્ર કાર્ડ, હકરજા, માંદગી તહેવારની રજાઓ વિગેરે આપતા ન હતા તથા ખાતા નં.પી/પ૨૧–૫૨૨ ના જાહેરમાં દેખાય તે પ્રમાણે સાઈન બોર્ડ લગાવતા ન હતા તથા અન્ય કાયદાના ભંગ બદલ કેટલા કેસોના નંબર સહિતની વિગત. તથા સામાવાળા ખાતા નં.પી/પ૨૧–૫૨૨ વિરુધ્ધ કોર્ટમાં કેટલા કેસની પેપર કરેલ, કેસમાં કોણે દંડ ભર્યો છે તેના નામની વિગત બંને સંસ્થાની. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સામાવાળા સંસ્થાના માલિકો મળવા પાત્ર સાહિત્ય જેવાકે હાજરીકાર્ડ, પગાર સ્લીપ, ઓળખપત્ર કાર્ડ, હકરજા, માંદગી તહેવારની રજાઓ વિગેરે આપતા ન હતા તથા સાઈન બોર્ડ લગાવતા ન હતા તથા અન્ય કાયદાના ભંગ બદલ કરેલા કેસોની માંગેલ માહિતીના સંદર્ભમાં ગુમાસ્તાધારા તરફથી કોઈ તપાસ કરવામાં આવેલન થી કે કોઈ કેસો કરવામાં આવેલ નથી જેથી આવી કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં કલમ–૪૯ હેઠળ ઈન્સ્પેકટરની ફરજ છે કાયદા વિરુધ્ધ કેસ કરવાની સત્તા છે છતાં તપાસ કરેલ નથી કાયદા ભંગનો કેસ કરેલ નથી કયા કાયદા હેઠળ માહિતી આપવાની રહેતી નથી તેની પુરાવો કે હુકમની નકલ આપેલ નથી. જે બાબતે અરજદારના મુદ્દા નં.ર,૪ અને ૫ બાબતે આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મુદ્દા નં.(૬) આપ સાહેબે આપ સમક્ષ હાજર રહેવા આપેલ ઈન્ટીમેશન દરમ્યાન હાજર રહેલ માલિક તરફે લીધેલા નિવેદન અને આપ સાહેબની વીઝીટ દરમ્યાન કામદાર વિરુધ્ધ કોઈ પણ લેખિતમાં રજૂ કરેલ દસ્તાવેજની નકલ આપ સાહેબે આપેલ મુદત દરમ્યાન જે કોઈ જવાબદાર વ્યકિતએ સહી કરેલ હોય તેની સર્ટીફાઈડ નકલ તથા રોજનામાની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુમાસ્તાધારા તરફથી હાજર રહેવા આપેલ ઈન્ટીમેશન દરમ્યાન હાજર રહેલ માલિક તરફે નિવેદન અને કામદાર વિરુધ્ધ કોઈ પણ લેખિતમાં રજૂ કરેલ દસ્તાવેજની સ ર્ટીફાઈડ નકલ અને જે કોઈ જવાબદાર વ્યકિતએ સહી કરેલ હોય તેની માંગેલ સર્ટીફાઈડ નકલ સંદર્ભમાં જણાવવાનું કે આવો તમામ રેકર્ડ રેકર્ડ વિભાગમાં રેકર્ડ રુલ્સ મુજબ નાશ કરવા માટે જમા થઈ ગયેલ હોવાથી તે આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે તો તે અંગે કોઈ ગેજેટ હુકમ કે સરકયુલર અમને મળ્યો નથી અને આરટીઆઈ એકટ હેઠળ ઉપર જણાવેલ પુરાવા ન આપવા બાબત અમોને પુરાવો આપવો જરૂરી છે. ઉપરોકત તમામ જરૂરી દસ્તાવેજો માહિતીન નોંધ સર્ટીફાઈડ નકલ આપેલ નથી જેથી માહિતી અધિકારીના સદર હુકમથી અમો નારાજ છીએ એવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૯–૩–૦૧ ની અરજી સંદર્ભેની માહિતી માંગેલ છે જે લગભગ ૯ વર્ષ કરતાં વધારે છે. જે બાબતે મ્યુ. રેકર્ડ રુલ્સ મુજબ એબીસીડીઈ માં માહિતીનું વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં સદર માહિતીનો રેકર્ડ –ઈ મુજબની એન્ટ્રી નં.૧૦૧ માં સમાવેશ થતો જણાય છે. રેકર્ડ–ઈ મુજબ ર વર્ષ સુધી જાળવણી કરવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં રેકર્ડ નાશ અંગેની આ.નં.આર.કે/આ.નં.૫૦૩ તા.૩–૩–૧૦ ની નકલ રજૂ કરેલ છે. તથા રેકર્ડ જમા કરાવવા અંગેની મંજૂરી તેમજ તેનું લીસ્ ટ સાથે રેકર્ડમાં જમા કરાવવા અંગેની તા.૧૭–૪–૧૦ ની સ્વીકાર્યા અંગેની પત્રની નકલ રજૂ કરેલ છે. અર્થાત વિભાગ તરફથી રેકર્ડ નાશ કરવા અંગે વિગતો ની અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી પૂરક વિગતોની માંગણી કરેલ છે. મુદ્દા નં.(૭) ખાતા નં.પી/પ૨૧–૫૨૨ ના માલિક તરફે લાયસન્સ લેવા માટે ફોર્મ 'એ' તથા તે અંગે રજૂ કરેલ દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતા નં.પી/પ૨૧–૫૨૨ ના માલિક તરફે લાયસન્સ લેવા માટે ભરેલ એ ફોર્મ તથા તેની સાથે રજૂ કરેલ દસ્તાવેજો ની નકલ પાના કુલ ૧૭ પુરા પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) સમાવાળા સંસ્થામાં ખાતા નં.પી/પ૨૧–૫૨૨ ના સને ૧૯૯૦ થી ૨૦૦૧ સુધીના જે કોઈ માલિકના નામ સરનામા તથા સંસ્થાનું નામ બદલાયેલ હોય તો તે અંગેના પેપર્સ સહિતની માહિતી તથા તે અંગેના રજૂ કરેલ દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતા નં.પી/પ૨૧–૫૨૨ માં સને ૧૯૯૦ થી ૨૦૦૧ સુધીમાં માલિકના નામ સરનામા તથા સંસ્થાનું નામ બદલાયેલ હોય તેના પેપર્સ સહિતની માહિતીનો મુદ્દા નં.૭ માં આપેલી માહિતીમાં આવી જાય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ સને ૧૯૯૦ થી ૨૦૦૧ સુધીમાં ખાતા નં.પી/પ૨૧–૫૨૨ ના માલિક તરફે કેટલા કામદારોનો વ્યવસાયવેરો ભરેલ છે તે કામદારોના નામસહિતના દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સને ૧૯૯૦ થી ૨૦૦૧ સુધીમાં ખતા નં.પી/પ૨૧ –૫૨૨ ના માલિક તરફે કેટલા કામદારોના વ્યવસાય વેરા ભરેલ તે કામદારોના નામ સહિતની માહિતીના સંદર્ભમાં આવી કોઈ માહિતી ગુમાસ્તાધારાના દફતરી રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી જેથી તે આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૯–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અપીલના મુદ્દા નં.ર થી ૬ પૈકી મુદ્દા નં.ર,૪ અંગે તેવી માહિતી સંસ્થાના માલિકે રાખવાની હોય તેઓ કક્ષાએથી આપવા અસમર્થતા દર્શાવેલ છે. જયારે નં.૫ અંગે તપાસ નહીં કરેલ હોઈ માહિતી દફતરે નહીં હોવાનું જણાવેલ છે. જેથી તે અંગે કલમ–ર(એફ) અને (જે) અનુસાર માહિતી ઉપલબ્ધ નહીં હોઈ તેના ઈન્કાર અંગે જાહેર માહિતી અધિકારીનો નિર્ણય જોગવાઈ સાથે સુસંગત છે. તેથી અપીલમાં તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.જયારે મુદ્દા નં.૩ અંગે અરજદારે મુળ અરજીથી કામદારો તરફેની અરજી બાબતે નિરીક્ષણ અને પુછપરછ અંગે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૬ અંગે રેકર્ડ રુલ્સ મુજબની કાર્યવાહીની નકલો અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત ફી ભરપાઈ કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિશ્નર(પએનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)... ..જાણ તથા અમલ માટે<br>
(ર) શ્રી રામરાજ પ્રજાપતિ,